બાળકો અને નવયુવાનો માટે

# હાદી
માસિક


રમઝાનુલ મુબારક, હીજરી સન ૧૪૩૧,
ઓગસ્ટ - ૨૦૧૦




રૂા. 30/-

## અલ્લાહના નેક નામો

# "અલ્ - બાસિતો"

અલ્લાહ તઆલાનું આ ખૂબજ પ્રખ્યાત વિશેષણ છે.
પરવરદિગારના આ વિશેષણના ઘણાં અર્થ નીકળે છે, તે પૈકી કેટલાંક નીચે મુજબ છે.

(૧) ફેલાવનાર
(૨) પ્રસાર કરનાર
(૩) વિસ્તાર કરનાર
(૪) માપ-જોખ વગર (અનહદ) આપનાર
(૫) દરેક ઉપર પોતાનો કાબુ ધરાવનાર

**આ વિશેષણના કુર્આનમાંથી ઉદાહરણ :-** કુર્આન મજીદમાં આ વિશષણનો ખૂબજ મોટા પ્રમાણમાં પ્રયોગ થએલો છે. દા.ત. એક સ્થાને છે કે :- "અલ્લાહ જેને ચાહે છે (જેને આ માટે લાયક સમજે છે ) તેને ખુબજ મોટા પ્રમાણમાં રોજી આપે છે અને જેના માટે ચાહે છે (એટલે એને લાયક સમજે છે) તેના માટે (રોજી) તંગ કરી દે છે. પરંતુ તેઓ દુન્યવી જીવનથી સંતુષ્ટ થઈ ગયાં છે જ્યારે આખેરતના જીવનની સામે આ દુન્યવી જીવન તો કાંઈ પણ નથી"

**માઅસૂમીન અ. સ.ની વાણી :-** અઈમ્મએ માઅસૂમીન અ.સ.ની વાણી પણ પરવરદિગારના આ વિશેષણનો સવિશેષ પ્રયોગ થયો છે દા.ત. શબે જુમ્આના આમાલની એક દુઆમાં છે કે "યા બાસેતલ યદૈને બિલ અતીયાહ"
**અર્થાત :-** હે એ ઝાત કે જેની કૃપાના બંને હાથ પહોળા છે, મુહમ્મદ - અને - આલે મુહમ્મદ ઉપર સલવાત અને રહેમત વરસાવ!

### : ખાસિયતો અને ફાયદા :

**પરવરદિગારના આ વિશેષણની ઘણી ખાસિયતો અને ફાયદા છે. તે પૈકી કેટલાક નીચે મુજબ છે.**

(૧) હઝરત ઈમામ રઝા અ.સ. નું ફરમાન છે કે "જે વ્યક્તિ સવારે ૧૦ વખત "યા બાસિતો" નો વિર્દ કરશે તે કદીયે કોઈનો ઓશિયાળો નહીં રહે - દુઃખોમાંથી મુક્તિ મળશે. તેની રોજીમાં વૃદ્ધિ થશે અને તેને અવી જગ્યાએથી નેઅમતો (લાભ) મળશે જેની તેણે કલ્પના પણ નહીં કરી હોય.

(૨) "યા બાસિતો" ને હંમેશાં પઢતાં રહેવું તે દિલ નૂરાની થવામાં ઘણું ફાયદાકારક છે.

(૩) "યા બાસિતો" ને હંમેશા પઢતાં રહેવાથી ધન-દોલત સંતાનો અને રોઝીમાં તેમજ દુન્યવી સંપતિમાં બરકત થાય છે અને આ વાત અનુભવ સિધ્ધ છે અને ખુબજ લાભદાયક છે.

(૪) રોજીમાં તંગી અને દુષ્કાળ તેમજ બલાઓને દૂર કરવાને કાજે "યા-બાસિતો" નો વિર્દ ખાસ અનભવ સિધ્ધ છે.

(૫) રાત્રે ૪૬૪ વખત "યા બાસેતલ યદૈન - બિર્રેહમતે" ના વિર્દથી રોજીમાં વૃધ્ધિ થાય છે.

(૬) દિલને નૂરાની બનાવવા માટે - રોજીમાં બરકત માટે અને દુઃખો થી મુક્તિ માટે દિવસના સમયે "યા બાસિતો" નો ૮૨ વખત વિર્દ કરવો ખુબજ લાભદાયક છે.


E-mail : hadimasik@yahoo.com

રમઝાનુલ મુબારક, હીજરી સન ૧૪૩૧,
ઓગસ્ટ - ૨૦૧૦

بسم الله الرحمن الرحيم

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

માહે રમઝાનુલ મુબારકની બરકતો, રહેમતો અને ઈબાદતોની સાથે આપનો પ્રિય હાદી પણ આપના હાથોમાં આવી ગયો છે. આપનો આ હાદી આપના માટે કેટલી ખુશાલીઓ લાવ્યો છે તે આપ એને ધ્યાનથી વાંચશો તો જ તમને ખબર પડશે. માહે રમઝાનુલ મુબારકના તમારા આ હાદીને ધ્યાનથી વાંચજો, તેમાં ઘણી મહત્વની વાતો તમારા માટે લખવામાં આવી છે.

રમઝાનુલ મુબારકનો મહીનો રોજા રાખવાનો-ઈબાદતોનો અને કલામે પાકની તિલાવત કરવાનો મહીનો છે. અમે પણ આમાં આ બાબતો વિશે તમારા માટેની જાણકારી અને અન્ય ઘણી વસ્તુઓ એકત્ર કરી છે.

આ મુબારક માસમાં એક દિવસ એવો પણ છે કે જે દિવસે નબી સ.અ.વ.ના ઘરમાં જ નહીં પરંતુ પુરા મદીના શહેરમાં ખુશાલીનો માહોલ છવાઈ ગયો હતો. જાણો છો તે દિવસ કયો છે ? હા, તે દિવસ એ છે જે દિવસે આપણાં બીજા ઈમામ હસને મુજતબા અ.સ.ની મુબારક વિલાદત થઈ હતી.

પરંતુ ૧૯-૨૦ અને ૨૧મી તારીખો ને પણ ભૂલવી જોઈએ નહીં. આ ગમના દિવસો છે. ૧૯મી એ આપણાં મૌલાને વાર કરવામાં આવ્યો જેને કારણે ૨૧મી એ આપની શહાદત થઈ ગઈ હતી. આ દિવસોમાં બીજી ઈબાદતો સાથે ઈમામના સોગમાં શરીક થવાનું અને ગમ મનાવવાનું ભૂલતાં નહીં.

જુઓ, આ મહીનામાં જ આપણાં વહાલા નબી સ.અ.વ. ઉપર અલ્લાહે કુર્આન નાઝિલ ફરમાવ્યું હતું. આ મહીનો જ કુર્આનની બહાર (વસંત ઋતુ) વાળો મહીનો છે, આ મહીનામાં શબે કદ્ર વાળી રાત્રીઓ ઘણી જ મહત્વવાળી રાત્રીઓ છે. આ રાત્રીઓમાં તિલાવત અને ઈબાદત કરવાનું, સલવાત અને સલામ પઢવાનું ભૂલતાં નહીં, આનો ઘણો સવાબ છે અને આ કાર્યોના લીધે જ અલ્લાહ આપણી આખા વરસની તકદીર પણ નક્કી કરે છે.

અને આ મહિનો ખતમ થયા પછી તરત જ આપણાં માટે ઈદની મહાન ભેટ પણ આવશે જ.

વહાલા મિત્રો ! અમને અને આપના હાદીને પોતાની ખુશીઓમાં ભૂલી જતાં નહીં, હોં !

વસ્સલામ

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :
**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :
**અહમદ રઝા ઝુરારહ**
**તાલીમરઝા અજમેરી**
**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :
**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
સાજીદ પંજ (Skype Graphics)
9898013082

**વિગતો માટે સંપર્ક :**
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**
**Bustan -E- Zehra Association**
**Mukhtar Abbas Vasaya**
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-**

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com



# કુર્આન અને અલી. અ.સ. રડે છે.

કુર્આન - આ પુસ્તક દિલોની બહાર - દર્દીઓ માટે શિફા - વિદ્યા અને જ્ઞાનનો સ્ત્રોત - ખુદાને ઓળખવા અને પરવરદિગાર ના પરિચય માટે નો સૌથી વધારે આધારભૂત અને પ્રમાણભૂત સ્ત્રોત છે માનવ કાફલાઓ વડે રચાએલા આ માનવ સમાજ માટે તે (કુર્આન) એવો દીવો છે જે જીવન ની આંટીઘૂંટી ભર્યા તમામ માર્ગો ને માનવ સમાજ માટે સરળ બનાવીને માનવીને અધમ કે ઉત્તમ બનવા ના માર્ગે દીવા દાંડી છે તે (કુર્આન) વિદ્યા અને જ્ઞાનનો એવો મહાસાગર છે કે વિદ્યા અને જ્ઞાનના પિપાસુઓ તેમાં જેટલાં ઉંડે જશે એટલો જ વધુ છલકાતો જશે.

પરંતુ અફસોસ ! નફરત અને અલગતાવાદના હીમખંડોને ઓગાળવા માટે જે કિતાબ (કુર્આન) નાઝિલ થઈ છે તે કિતાબ પોતે જ અલગતાવાદનો શિકાર થઈ ગઈ છે અને પોકારે છે કે જુઓ મારામાં શ્રધ્ધા ધરાવનારાઓ પોતે જ મને કેવી રીતે મારા પોતાના અસ્તિત્વ માં જ દાટી દીધી છે. હું તો પોતે બરફની જેમ જામી ગએલા શરીરોને સત્યના સાદની ઉષ્માથી ઓગળાવીને ઇશ્વરની સર્વશ્રેષ્ઠ સૃષ્ટી મનુષ્યને તેની ઉચ્ચતાના સર્વોચ્ચ શિખરે પહોંચાડવા આવી હતી. પરંતુ આજે મારા અસ્તિત્વને જ બરફ બનાવી દેવામાં આવ્યું છે.



અને તેવીજ રીતે માનવ ઇતિહાસનો તે સૌથી વધુ અત્યાચાર પિડિત વ્યક્તિ આટલી મોટી સૃષ્ટિમાં એકલો છે અને સદીઓ વીતી ગઇ તે પછી આજે પણ એકલો જ એ સ્થાને ઉભો છે જ્યાં તે સદીઓ પહેલાં ઉભેલો હતો અને સદીઓથી આજે પણ તે એ વાતની જ પ્રતિક્ષા કરી રહ્યો છે. કદાચ કેટલાંક એવા લોકો મળી જાય કે જે તેને સમજી શકે અને તે રીતે તેનું એકાંત દૂર થઇ જાય પરંતુ જેમ જેમ યુગ

પ્રગતિ કરે છે તે વધુને વધુ એકલો પડતો જાય છે, બિલકુલ કુર્આનની જેમ.



અલી અ.સ. અને કુર્આન :- કેટલું બધું સામ્ય છે આ બંનેમાં ! કેટલું આપણાંપણું છે આ બંનેમાં ! જાણે બંનેનું અસ્તિત્વ જ એક - બીજા માટે હોય - જાણે બંને એક - બીજાના દર્દને સમજતાં હોય - આ પણ કિસ્મતની કેવી બલીહારી છે કે માલિક તરફથી ઉમ્મતે મુહમ્મદિયાને બે મહાન ભેટો મળી છે પરંતુ અત્યાચાર પિડિત બંને એકલી અટુલી પડી ગએલી - બંને દુઃખી.

પરંતુ બંનેમાં એક સામ્ય છે કે બંને ઉપર અત્યાચાર ગુજારનારાઓ બીજા કોઇ નહીં પરંતુ તેમના જ પોતાના જ અનુયાયીઓ છે.

જેવી રીતે આજે કરોડો લોકો સવાર સાંજ કુર્આન નું પઠન કરે છે, પરંતુ ન તો તેમને કુરઆનના શિક્ષણ નું જ્ઞાન છે કે ન તો તેઓ એ હકીકત થી માહિતગાર છે કે કુર્આન તેમની પાસેથી શું અપેક્ષા રાખે છે.

તેવી જ રીતે અલી અ.સ. ની ઝાત પણ છે. લોકો અલી અ.સ. ની વાતો કરતાં તો નથી થાકતાં - સવાર સાંજ અલી અલી કરે છે, તેમની મહેફીલોમાં અલી અ.સ.નું નામ લેવાય છે, તેમના મેળવડાઓ માં અલી અ.સ. નું વર્ણન કરવામાં આવે છે, તેમને ત્યાં ના પ્રસંગોમાં અલી અ.સ.ની ચર્ચા થાય છે તેઓ એકાંત માં પણ અલી. અ.સ. ને યાદ કરે છે પરંતુ તેમને એ હકીકત ની જાણકારી નથી કે આ વ્યક્તિને કેટલાં રહસ્યોની જાણકારી છે. અને આ વ્યક્તિ પોતે પોતાના અનુયાયીઓથી શું અપેક્ષા રાખે છે. તેમને તો એ વાતની પણ ખબર નથી કે અલી અ.સ. ની જે ફઝીલતોનું વર્ણન તેઓ દિવસ રાત કરે છે તે ફઝીલતો તો અલી અ.સ.ની ફઝીલતોના સમુદ્ર નું એક ટીપું માત્ર છે. અલી અ.સ.ની ઝાત તો કાંઇ ઓર જ છે, અનન્ય છે. અલી અ.સ. ના નામનું દિવસ-રાત રટણ કરનાર લોકો શું એ જાણે છે કે અલી અ.સ. નું





વ્યક્તિત્વ શું છે ? એ હકીકત પણ આશ્ચર્ય ચકિત કરી દેનારી છે કે અલી અ.સ.ના નામનું રટણ કરનારા લોકો આ મુબારક નામ વડે પોતાની મહેફીલ શણગારવી પોતાના માટે ગર્વની વાત ગણે છે અને તેઓ અલી અ.સ. ઉપર મુસીબતોના જે પહાડ તુટી પડ્યાં હતાં તેના માટે રડે પણ છે, કોઇ તેમના પ્રેમ અંગે શંકા નથી કરી શકતો અને ખરેખર જ તેમણે અલી અ.સ. સાથેના પ્રેમ- યાદમાં કરેલાં કાર્યોમાં ખામી પણ નથી શોધી શકતો અને ખરેખર જ તેઓ અલી અ.સ. સાથે પ્રેમ કરે છે તેમને ખરા હ્રદયથી ચાહે છે અને તેથી અલી અ.સ.નું નામ સાંભળતાં જ તેમના અસ્તિત્વમાં પ્રસન્નતા વ્યાપી જાય છે. અલી અ.સ.ની મુસીબતોનું વર્ણન સાંભળતાં જ તેમની આંખો સાચા હ્રદયપૂર્વક આંસુઓથી ભરાઇ જાય છે.

પરંતુ અફસોસ તો એ વાતનો છે કે અલી અ.સ.ના આ અનુયાયીઓ અને ચાહવાવાળાઓને જ એ વાતની સાચી જાણકારી નથી કે ખુદ અલી અ.સ. તેમની પાસે શું અપેક્ષા રાખે છે !!!

આજે જે ઘા વડે અલી અ.સ.ના માથાને ઝખ્મી કરવામાં આવેલ તેના ઉપર રડવાવાળાઓ તો ઘણાં છે અને જીભો વડે કરવામાં આવેલા એ વારો કે જેમણે અલી અ.સ.ના સંવેદનશીલ અસ્તિત્વને અંદરથી ચાળણી કરી દીધું હતું તે વાત ઉપર રડનાર કોઇ નથી જડતો. એ તીરના ઘાવ જે અલી અ.સ.ના હ્રદયસોંસરવા નીકળી ગયા છે તેમના ઉપર રૂદન કરનાર કોઇ નથી અને અફસોસ તો એ વાતનો છે કે રૂદન તો દૂરની વાત છે પરંતુ કોઇ અલી અ.સ.ના હ્રદય સોસંરવા ઉતરી ગએલાં એ તીર દેખાતાં પણ નથી અને કોઇને અલી અ.સ.ના હ્રદયના ટુકડા કરી દેનારી મુસીબતો તો દેખાતી પણ નથી. કોઈ પોતાની જાતને એ નથી પુછતો કે એવી કઇ મુસીબત છે કે જે રાત્રીના અંધકારમાં અલી અ.સ.ને રડવા પર મજબુર કરી રહી છે ? અને એ કયું રહસ્ય છે કે જે અલી અ.સ. માનવજાતની દરેકે દરેક વ્યક્તિ સુધી પહોંચાડવા માંગે છે અને જ્યારે તેમનો અવાજ ખુદ તેમના જ હોઠોમાં દબાઇ જાય છે ત્યારે તે રણમાં હૈયાફાટ રૂદન કરીને પોતાના પાક પરવરદિગારની બારગાહમાં ફરિયાદ કરે છે કે :-



**હે પરવરદિગાર ! તે આ (સૃષ્ટિ)ને કારણ વગર પેદા નથી કરી. તું પવિત્ર છે અને તું જ કયામતના દિવસે અમને દોઝખની યાતનાઓ થી બચાવજે !**

આવો ! આ મુબારક માસમાં કે જેમાં ચારે કોર અલ્લાહની બરકતો ઉતરી રહી છે આપણે સમય કાઢીને કેટલાક એવા મૂળભૂત રૂપે પાયા ના પ્રશ્નો - સમસ્યાઓ અંગે પણ વિચારણાં કરીએ કે અલી અ.સ.ના એકાંતનું રહસ્ય શું છે ? કુર્આનથી આજે પણ કેમ એકલો - અટુલો છે ? અને આપણે અલી અ.સ. અને કુર્આનના એકલા - અટુલાપણાંને દુર કરવા માટે શું કરવું જોઇએ ? આપણાં સામાજિક જીવનમાં કુર્આનનું શું મહત્વ છે ? આપણેં આપણાં સમાજને કુર્આનનો પાબંદ કેટલા અંશે બનાવી શકીએ છીએ ? કયાંક આપણો યુગ એ યુગ તો નથી ને જેના માટે અલી અ.સ. એ કહ્યુ હતું કે "યાદ રાખો મારા પછી એવો યુગ આવશે કે જેમાં કુર્આન  કરતાં તુચ્છ બીજી કોઇ વસ્તુ નહીં હોય અને કિતાબવાળાઓ (કુર્આનના અનુયાયીઓ ) પોતે કિતાબ (કુર્આન) ને તજી દેશે અને કુર્આનને કંઠસ્થ કરનારાઓ (કુર્આનના હાફીઝો) પોતે કુર્આનને ભુલાવી દેશે (નહજુલ બલગાહ - ભાષણ - ૧૨૭)"

આ મુબારક માસ કે જેમાં કુર્આન નાઝિલ થયું હતું , ત્યાં જ કુર્આનનું રક્ષણ કરનારના રક્ત વડે મસ્જિદની મહેરાબ રંગીન થઇ ગઇ હતી. કુર્આનના ઉચ્ચ વિચારોને સમજવા માટે નવી પેઢી સુધી તે ઉચ્ચ વિચારો પહોંચાડવા માટે અને કુર્આન સબંધે અલી અ.સ.એ કરેલી સેવાઓ બયાન કરવા માટે આપણે વધુમાં વધુ કુરઆનના શિક્ષણ અને અલી. અ.સ.ના ચારિત્રનું અનુસરણ કરવાનો પ્રયત્ન કરીએ જેથી કરીને આખું વરસ આપણો એ જ વ્યવહાર કાયમ રહે. ખરેખર તો અલી અ.સ. અને કુર્આનની અપેક્ષા પણ એટલી જ છે કે જેના ઉપર અમલ થતો નથી અને અલી અ.સ. અને કુર્આન બંને રૂદન કરી રહ્યાં છે.

**છે કોઇ એમને રૂદન કરતાં અટકાવનાર ????**





# કાચ

વ્હાલા બાળકો ! તમે કાચ તો જોયો જ હશે ને ! તમે કાચના ગ્લાસમાં પાણી પીધું હશે, કાચની શીશીઓ જોઇ હશે અને કોઇ વખતે કાચની વસ્તુ તમારા હાથમાંથી નીચે પડીને તુટી પણ ગઇ હશે !!!

**પરંતુ તમે વિચાર્યું છે કે આ કાચ શું છે ? શામાંથી બને છે ? કેવી રીતે બને છે ?**

## તો આવો, આજે અમે તમને કાચ વિશે જાણકારી આપીએ.

રેતી અને અન્ય ખનીજોના મિશ્રણને એક ભઠ્ઠીમાં ૧૭૦૦ ડિગ્રી સેલ્શીયસ થી પણ ઉંચા તાપમાને ઓગાળી કાચ બનાવવામાં આવે છે. ૧૭૦૦ ડિગ્રી સેલ્શીયસ તાપમાન એટલે શું તે સમજો છો ? મિત્રો પાણી ૧૦૦ ડિગ્રી સેલ્શીયસ તાપમાન ઉપર ઉકળીને વરાળ બનવા લાગે છે તેના કરતા પણ ૧૭ ગણો વધારે અધધ થઇ જવાય તેટલું તાપમાન !!! રેતીમાં રહેલ “સિલિકા” નામનું તત્વ કાચના બંધારણનું મુખ્ય તત્વ છે. રેતી સોડા એશ અને ચુનાના પત્થરોના મિશ્રણને આ કામ માટેના પોટ કહેવાતાં ખાસ વાસણોમાં - આ માટેની ખાસ ભઠ્ઠીમાં મુકવામાં આવે છે બીજી વખત વપરાતા (રીસાયકલ્ડ) કાચના ટુકડાઓ કે જેને “ફલેટસ” કહેવામાં આવે છે, તે ટુકડાઓને ઉપરોક્ત મિશ્રણની ઓગળવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે તેમાં ઉમેરવામાં આવે છે. અન્ય ખનિજો કાચને જુદા જુદા રંગ આપવા માટે અથવા જુદા જુદા પ્રકારના કાચ બનાવવા માટે ઉમેરવામાં આવે છે. દા. ત. “કોબાલ્ટ” અથવા “ગંધક-સલ્ફર” ઉમેરવાથી રંગીન કાચ બને છે. પરંતુ કાચના મૂળભૂત તત્વો નીચે પ્રમાણે રહે છે.

- રેતી અથવા સિલીકા ($SiO_2$)
- સોડિયમ કાર્બોનેટ ($Na_2Co_3$)
- ચુનાનો પત્થર ($CaCo_3$)
- મેગનેશિયમ કાર્બોનેટ ($MgCo_3$)



આ મિશ્રણમાં કાચની ગુણવત્તા સુધારવા માટે અને તેને રંગીન બનાવવા માટે જરૂરીયાત મુજબના અન્ય દ્રવ્ય ઉમેરવામાં આવે છે.



E-mail : hadimasik@yahoo.com

કાચ જ્યારે ઓગળેલી અવસ્થામાં એટલે એક અત્યંત ગરમ પ્રવાહી સ્વરૂપે હોય તે સમયે જ તેને શીશીઓ (બોટલ્સ) અને એવી અન્ય શુશોભન માટેની વસ્તુઓ બનાવવા માટે કાચમાં હવા ફુંકવાની ફુંકણીઓ-બલોઅર દ્વારા હવા ફૂંકીને તેને જોઇતા આકારમાં ઢાળવામાં આવે છે. આ માટે પ્રવાહી કાચમાં એક લાંબી પાઇપ વડે હવા ફુંકવામાં આવે છે.

કાચની શોધ પ્રાચિન ઇજીપ્તમાં આજથી આશરે ત્રણ હજાર વરસ પહેલાં થઇ હોય તેમ લાગે છે. ઇજીપ્તવાસીઓ કાચમાંથી મણકા બનાવીને મણકાઓનો આભૂષણ તરીકે ઉપયોગ કરતાં હતાં.

અર્વાચિન યુગમાં કાચના કારખાનાઓમાં શીશીઓ( બોટલ્સ) અને જાર વિગેરેના બીબાઓમાં પ્રવાહી કાચને દબાણ અને હવાના બ્લોઅર્સના ઉપયોગથી કાચની વસ્તુઓ બનાવવામાં આવે છે. ટીનની પથારી (બેડ) ઉપર પ્રવાહી કાચ રેડીને કાચની ફ્લેટ શીટ બનાવવામાં આવે છે. કાચ ઉપર બીજી ધાતુ વિગેરેનું આવરણ ચઢાવી શકાય છે. તેને ઉષ્ણ પ્રક્રિયામાંથી પસાર કરી શકાય (Heat -treated) છે. તેના ઉપર કોતરણ અને સુશોભન પણ થઇ શકે છે. અર્વાચિન યુગના પ્રસાર માધ્યમોમાં "ઓપ્ટીકલ ફાઇબર" બનાવવા માટે પણ કાચનો ઉપયોગ થાય છે.

## કાચમાંથી બનતી કેટલીક અન્ય વસ્તુઓ

માછલી ઘર - ક્રિસમસ ટ્રી માટેનો શણગાર - કોતરણી યુક્ત કાચની વસ્તુઓ - કાચના દરવાજા - ફર્નીચર ( ટેબલ - ટીપોય)ની ટોપ્સ - વૈજ્ઞાનિક સાધનો - જેવા કે ટેસ્ટ ટ્યુબ્સ, અરીસાઓ, આભૂષણો, બારીઓ માટેના સ્ટેઇન્ડ ગ્લાસ - બારીઓ માટેના અન્ય પ્રકારના કાચ અને કારની વિન્ડ શીલ્ડઝ.

કુદરતી રીતે બનેલો કાચ :- પત્થર કુદરતી રીતે બને છે તેને અંગ્રેજીમાં "એબ્સીડિયન" કહેવામાં આવે છે જ્વાળામુખી જ્યારે લાવો ઓકે છે ત્યારે તે લાવામાં નીકળતી રેતીમાંથી આ કાચ કુદરતી રીતે બને છે લાવાનું તાપમાન ઘણું વધારે ૧૭૦૦ ડિગ્રી સેલ્શીયસ કરતાં પણ વધારે હોય છે તેથી જ્યારે જ્વાળામુખી લાવો બહાર કાઢે છે ત્યારે જ્વાળામુખીના લાવામાં રહેલી રેતી ઓગળી જાય છે અને ધગધગતા પ્રવાહી સ્વરૂપે તે લાવા સાથે બાહર અવીને પાણીના સંપર્કમાં આવે છે ત્યારે તે પ્રવાહી ઝડપથી ઠંડુ પડી જાય છે. આ કાચ ઘેરા લીલાથી લઇને કાળા રંગનો હોય છે. પત્થર યુગના લોકો આ કુદરતી કાચનો ઉપયોગ કાપવા માટેના સાધન તરીકે, તીરની અણી તરીકે અને કેટલીક વિઘીઓમાં કરતાં હતાં.



# કુર્આન સંભળાવનાર અનન્ય બાળક

**વહીનું વર્ણન :-**

અલ્લામા મજલિસી લખે છે કે પોતાની તરૂણ બાલ્યાવસ્થામાં પણ ઈમામ હસન અ.સ. પોતાના નાના ઉપર નાઝિલ થએલી વહી (ખુદાના તરફથી પયગમ્બરે અકરમ સ.અ.વ. ઉપર આવતી ખુદાની વાણી) શબ્દસ : પોતાની માતાને સંભળાવી દેતાં હતાં. એક દિવસે હઝરત અલી અ.સ. એ ફરમાવ્યું કે હે રસૂલ સ.અ.વ.ના પુત્રી ! મારું પણ મન થાય છે કે હું પણ હસન અ.સ.ને વહીનું વર્ણન કરતાં પોતે સ્વયં જોઉં અને સાંભળું. સૈયદા સલા.એ હઝરત હસન અ.સ.નો આવવાનો સમય બતાવી દીધો. એક દિવસ અમીરૂલ મોઅમેનીન અ.સ. ઈમામ હસન અ.સ.થી પહેલાં જ ઘરે પહોંચી ગયાં અને એક ખૂણાંમાં સંતાઇને બેસી ગયાં. રાબેતા મુજબ ઈમામ હસન અ.સ. તશરીફ લાવ્યાં અને પોતાના માતાના ખોળામાં બેસીને વહી સંભળાવવી શરૂ કરી. પરંતુ થોડીવારમાં જ અરજ કરી, હૈ મારા આદરણીય માતા, આજે વહીનું વર્ણન કરતી વખતે મારી વાણીમાં તોતડાપણું અને અર્થ બયાન કરવામાં રૂકાવટ પેદા થઈ રહી છે. મને એવું લાગે છે કે મારા કોઈ અદારણીય બુઝુર્ગ મને જોઈ રહ્યાં છે "આ સાંભળીને હઝરત અલી અ.સ.એ દોડીને ઈમામ હસન અ.સ.ને ખોળામાં તેડી લીધાં અને તેમને વહાલ કરવા લાગ્યાં.



(બિહારૂલ અનવાર તા. ૧૦-૫-૧૯૩ કુર્આનની તફસીર (અર્થઘટન)"



E-mail : hadimasik@yahoo.com

## કુરઆનની તફસીર (અર્થઘટન) :-

અલ્લામા ઈબ્ને તલહા શાફઈ લખે છે કે એક વ્યક્તિએ ઈબ્ને અબ્બાસ અને ઈબ્ને ઉમ્રને એક આયતમાંના "શાહેદો" અને "મશહુદો" શબ્દોનું અર્થઘટન પુછ્યું. ઈબ્ને અબ્બાસે "શાહિદ" થી જુમ્માનો દિવસ અને "મશહૂદ" થી અરફાનો દિવસ એવો અર્થ બતાવ્યો. જ્યારે ઈબ્ને ઉમ્રે "શાહિદ" થી જુમ્માનો દિવસ અને "મશહુદ" થી કુરબાનીવાળો દિવસ એવો અર્થ બતાવ્યો. તે પછી તે વ્યક્તિ ઈમામ હસન અ.સ. પાસે ગયો અને આપને પણ પ્રશ્ન પૂછ્યો. આપે **"શાહિદ"** એટલે **રસૂલે ખુદા સ.અ.વ.** અને **"મશહૂદ"** એટલે **કયામતનો દિવસ** ફરમાવ્યું અને દલીલમાં આ બે આયતો સંભળાવી.

**૧. યા અય્યોહન - નબી - ઇન્ના અરસલનાકા શાહેદવં - વ - મુબશશેરવં - વ નઝીરા.** (સૂરએ અહઝાબ - આયત ૪૫ )

હે નબી અમે તમને શાહિદ - મુબશશર અને નઝીર બનાવીને મોકલ્યાં છે.

**૨. ઝાલેકા યવ્મો મજમૂઓ લહૂનનાસો - વ - ઝાલેકા યવ્મો મશહૂદ.**

કયામતનો એ દિવસ હશે જેમાં સઘળા લોકો એક સ્થળે એકત્ર કરી દેવામાં આવશે અને તે દિવસ જ સાક્ષી લેવા અને સાક્ષી (આપવા)નો હશે. પ્રશ્ન કર્તા એ આ ત્રણેના જવાબો સાંભળીને કહ્યું "ફકાના કવલુલ હસને અહસન" ઈમામ હસન અ.સ.નો જવાબ તે બંનેથી અનેકગણો શ્રેષ્ઠ છે. (મતાલેબસ્સઉલ ૫ : ૨૨૫)



# હસો અને હસાવો

## ટુચકાઓ



રસ્તે જનાર :- ભાઈ, રેલ્વે સ્ટેશને લઈ જવાનું શું લેશો ?
રિક્ષા ડ્રાઇવરઃ- સો રૂપિયા લઇશ.
રસ્તે જનાર :- પચાસ રૂપિયા લેશો ?
રિક્ષા ડ્રાઇવરઃ- પચાસ રૂપિયામાં તો કોઇ લઇ જતો હશે ?
રસ્તે જનાર :- ભાઇ, તો પાછળ બેસ - હું તને પચાસ રૂપિયામાં લઇ જઇશ.

બે મિત્રો એક કબ્રસ્તાનમાંથી પસાર થઇ રહ્યા હતાં,

- એક મિત્ર એક કબર પાસે ઊભો રહી ગયો અને તેને કહ્યું કે " આ કબર નકૂમિયાની છે, બિચારા ઘણા સારા વ્યક્તિ હતાં."
- બીજા મિત્ર એ પૂછ્યું : " એવું તો એમણે શું કર્યું હતું તો તે સારા વ્યક્તિ હતાં ?"
- પહેલા મિત્ર એ કહ્યું : " મરતા મરતા તેમણે પોતાનું સર્વસ્વ યતીમખાનાને સોંપી દીધું હતું ?"
- બીજા મિત્રએ પૂછ્યું : "ભાઇ ! તેમાં શુ હતું ? "
- પહેલા મિત્રએ જવાબ આપ્યો : " આટલું જ- ચાર પુત્રો અને છ પુત્રીઓ"

એક ગામડિયો પ્રાણી સંગ્રહાલયમાં એક પોપટના પાંજરા પાસે ઊભો રહીને રમાડતો હતો. પોપટને બોલતાં આવડતું હતું. તેંણે મોટેથી કહ્યું "નાલાયક ! આ શું કરે છે ?"
ગામડિયાએ ગભરાઇને કહ્યું "માફ કરજો ભાઈ ! હું સમજતો હતો કે તમે જાનવર છો ?"
પોપટે કહ્યું "હા- હું પણ પહેલાં તો એવું જ સમજ્યો હતો કે તમે મનુષ્ય છો ! "

એક વ્યક્તિ રેલ્વે સ્ટેશન ઉપર ઉભા રહીને ટામેટા ખાતો હતો - ત્યાં એક ભીખારી આવ્યો અને તેણે કહ્યું "સાહેબ ! બે રૂપિયા આપો ને !"
તે વ્યકિતએ કહ્યું "બે રૂપિયાનું શું કરીશ ! લે, આ ટામેટા ખાઇ લે."
ભીખારીએ કહ્યું "ના ! મારે તો બે રૂપિયા જ જોઇએ." તે વ્યકિતએ ગુસ્સે થઇને કહ્યું "નાલાયક હું તને વીસ રૂપિયાવાળા ટામેટા ખાવાનું કહી રહ્યો છું અને તું બે રૂપિયાની પાછળ પડયો છે. "




E-mail : hadimasik@yahoo.com

# ડહાપણ ભરી વાતો

## ભલાઇ



જે વ્યક્તિ પોતાના જીવનમાં પોતાના માટે કોઇ પણ ભલાઇ ન મેળવી શકે તે વ્યક્તિ લોકોમાં ઘણી પછાત કહેવાય અને જે મેળવીને પણ ગુમાવી બેસે તે તો તેના કરતા પણ વધારે પછાત કહેવાય. (કલમા નં. ૧૧)

સારા ચારિત્ર અને મળતાવડા સ્વભાવથી બીજાઓને પોતાની તરફ આર્કષવા મુશ્કેલ નથી. કેમકે તેના માટે ન તો શારિરીક મહેનત કરવી પડે છે કે ન તો માનસિક કડાકુટની જરૂર પડે છે અને એક વખત મિત્રતા કેળવ્યા પછી તો મિત્રતા અને સબંધોની મિઠાશને જાળવી રાખવી તે તો આના કરતાં પણ વધારે સહેલું છે કેમકે મિત્રતા કેળવવા માટે તો કાંઇને કાંઇ કરવું જ પડે છે પરંતુ તે પછી તેને નિભાવવા માટે કોઇ મોટું સાહસ કરવાનું રહેતું નથી. તેથી જે કોઇ વ્યક્તિ-જે વસ્તુની દરકાર ફક્ત  કપાળ પર પડેલી કરચલીઓ દુર કરીને નિભાવી શકાય-તેવી વસ્તુને પણ ન સાચવી શકે તે વ્યક્તિ કરતાં વધારે પછાત અને વધારે નિઃસહાય વ્યક્તિ બીજો કોણ હોઇ શકે.



ટુંકમાં એટલું જ કે દરેક વ્યક્તિ એ અન્ય તમામ વ્યકિતઓ સાથે ભલમનસાઇ અને હસતા ચહેરે મળવું જોઇએ જેથી કરીને લોકો તેની પાસે આવવા પ્રયત્ન કરે અને તેની દિશામાં મિત્રતાનો હાથ લંબાવે.

# મસ્જીદની મહેરાબનો શહીદ

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.સ. પહેલા ઇમામ છે. આપ હઝરત અબૂ તાલિબના પુત્ર હતા કે જેઓ બની હાશિમ વંશમાં ખુબજ આદરણીય પુરૂષ હતાં અને આપ પયગમ્બર સ.અ.વ.ના સગા કાકા પણ હતા, જેમણે પયગમ્બર સ.અ.વ.ને તેમની અનાથ અવસ્થામાં પોતાની છત્રછાયામાં લઇને પોતાના ઘરમાં સ્થાન આપ્યું હતું અને તેમનો ઉછેર કર્યો હતો. મક્કા અને મદીના મુનવ્વરામાં હઝરત અલી અ.સ. હંમેશા પયગમ્બર સ.અ.વ.ની સાથે જ રહ્યાં હતા અને આપ સ.અ.વ. હઝરત અલી અ.સ.ને કયારેય પોતાનાથી જુદા થવા દેતા નહોતાં અને પોતાની લાડકી દીકરી હઝરત ફાતેમા સલા.ના લગ્ન પણ આપ. સ.અ.વ.એ હઝરત અલી અ.સ. સાથે કરી દીધાં હતાં. પોતાના સાથીઓ સાથે જ્યારે આપ સ.અ.વ. મિત્રતા જાહેર કરતાં ત્યારે હમેશાં હઝરત અલી અ.સ.ને પોતાના ભાઇ તરીકે જ પોકારતાં હતાં. હઝરત અલી અ.સ. એ પયગમ્બરે અકરમ સ.અ.વ.ના તમામ યુધ્ધોમાં ભાગ લીધો હતો અને સઘળા યુધ્ધોમાં મુસલમાનોની થએલી જીતો પણ આપની શુરવીરતાના કારણે જ થઇ હતી. પરંતુ તબૂકના યુધ્ધના અપવાદ સાથે કેમકે તે યુધ્ધમાં આપ સ.અ.વ.એ અલી અ.સ.ને મદીનામાં પોતાના સ્થાને સ્થાપ્યા હતાં.



પયગમ્બરે અકરમ સ.અ.વ.ની રહેલતના સમયે આપની વય તેંત્રીસ વરસની હતી. આપ " ફઝાઇલે દીની "માં બધાથી આગળ હતાં અને તમામ અસ્હાબ વચ્ચે સર્વ શ્રેષ્ઠ હતાં. તેમ છતાંય એવા ખોટા બહાના હેઠળ કે આપ જવાન હતાં અને ખરેખર તો પયગમ્બરે અકરમ સ.અ.વ.ના જમાનામાં યુધ્ધોમાં આપે ખુબજ આગળ પડતો ભાગ લીધો હતો અને તેને કારણે આપના હાથે આ યુધ્ધોમાં ઘણાં લોકો માર્યા પણ ગયા હતા - પાછળથી મુસલમાન થએલા લોકો પોતાના સગા સબંધીઓનો વધ હઝરત અલી અ.સ.ના હાથે થએલો હોવાથી આપના વિરોધી અને દુશ્મન થઇ ગયાં હોવાને કારણે હઝરત અલી અ.સ.ને અલ્લાહ તરફથી આપને પ્રાપ્ત થઇ હતી તે ખિલાફતથી દેખીતી રીતે અલગ પાડી દેવામાં આવ્યા અને આવી રીતે આપ લોકોના કામોમાં ભાગ લઇ શક્યા નહીં અને ઘરમાં બેસી જઇને લોકોને પ્રશિક્ષિત કરવા લાગ્યાં. આપ પચ્ચીસ વરસ સુધી એટલે પયગમ્બરે અકરમ સ.અ.વ.ના રહેલત પછી ત્રણ ખલીફાઓના કાર્યકાળમાં શાસન અને ખિલાફતથી અળગા રહ્યાં હતા અને ત્રીજા ખલીફાના વધ પછી આપને ખલીફા તરીકે ચુંટી કાઢીને આપના હાથે બયઅત કરી હતી. હઝરત અલી અ.સ. પોતાની ખિલાફતનો કાર્યકાળ જે લગભગ ચાર વર્ષ અને નવ માસ હતો. પયગમ્બરે અકરમ સ.અ.વ.ની સીરત અને તેમણે ચીંધેલા માર્ગનું અનુકરણ કરતાં રહ્યાં. હઝરત અલી અ.સ.ની પોતાના તાબાના લોકો સાથેની સહાનુભુતિ - ગરીબ અને અસહાય લોકો પ્રત્યેની આપની અનુકંપા અને દરિદ્ર અને ફકીરો સાથેની આપની સખાવતની વાર્તાઓ લોકજીભે છે. આપની પાસે જે કાંઇ પણ આવતું તેને ખુદાના માર્ગે ગરીબો અને અસહાય લોકોમાં વહેંચી દેતાં હતાં અને પોતે તો ખુબજ તંગીમાં સાદગી પૂર્ણ જીવન ગુજારતાં હતાં. આપ ખેતીવાડીને ખુબજ પસંદ કરતાં હતાં પરંતુ જે જમીનને આપ ખેતી લાયક બનાવતાં હતાં તેને દરીદ્ર અને ફકીરો માટે વકફ કરી દેતાં હતાં. આપે આ રીતે વકફ કરેલ સંપતિને "વકફે અલી" કહેવામાં આવતી હતી.



# બીજો બોલતો કુર્આન

મુબારક નામ : હસન અ.સ.

લકબ : મુજતબા

કુનીયત (વંશવાચક નામ) : અબૂ મુહમ્મદ

પિતાનું નામ : અલી અ.સ.

માતાનું નામ : ફાતેમા ઝહરા સલા.

જન્મ તારીખ : ૧૫ રમઝાનુલ મુબારક, સન ૩ હિજરી

જન્મ સ્થળ : મદીના મુનવ્વરા

ઇમામતની મુદ્દત : ૯ વરસ, પાંચ માસ

હિજરતના ત્રીજા વરસે ૧૫ રમઝાનુલ મુબારકના દિવસે આપની વિલાદત (જન્મ) થઇ હતી. રસૂલ સ.અ.વ.ના ઘરે આપનો જન્મ આ પ્રકારની પ્રથમ ખુશી હતી. મક્કા મોઅઝ્ઝમામાં રસૂલ સ.અ.વ.ના પુત્રો એક પછી એક આ જગતમાંથી ચાલ્યા ગયાં હતાં.





E-mail : hadimasik@yahoo.com



હઝરત ઇમામ હસન અ.સ.નો જન્મ મદીના આવ્યા પછી ત્રીજા વરસે જ થયો હતો. જગત એ હકીકતથી વાકેફ છે કે ઇમામ હસન અ.સ. અને આપના નાના ભાઇ ઇમામ હુસૈન અ.સ.થી રસૂલ સ.અ.વ.ની અવલાદમાં એટલી મોટી સંખ્યામાં વૃધ્ધિ થઇ કે આ વંશને ખત્મ કરી દેવા માટે શત્રુઓ તરફથી સતત સઘળા પ્રયત્નો થતાં રહેતાં હતાં તે છતાં પણ અને આપ સ.અ.વ.ની અવલાદ (એટલે કે સૈયદો) માંથી હજારોને શૂળીએ લટકાવી દેવામાં આવ્યાં હતાં તેમ છતાંય આજે જગત આલે રસૂલ સ.અ.વ.ના વંશજોથી ભરાએલું છે.

ઇમામ હસન અ.સ.ના જન્મથી પયગમ્બર સ.અ.વ.ને ફક્ત એટલી જ ખુશી નહોતી થઇ જેટલી એક નાનાને પોતાના નવાસા (દોહિત્ર)ના જન્મ પ્રસંગે થાય છે. પરંતુ આપ સ.અ.વ.ને ખાસ એ વાતની ખુશી થઇ હતી કે આપ અ.સ.ના જન્મથી કુર્આનના વાયદા અને આપ સ.અ.વ.ની સચ્ચાઇની પ્રથમ નિશાની જગત સમક્ષ આવી ગઇ હતી. સાતમા દિવસે "અકીકા"ની વિધી કરવામાં આવી અને ખુદાના હુકમથી પયગમ્બર સ.અ.વ.એ પોતાના આ ફરઝન્દનું નામ "હસન" રાખ્યું. ઇસ્લામથી પહેલાં આ નામ રાખવામાં આવ્યું નહોતુ અને "હસન" સર્વ પ્રથમ પયગમ્બરના આ ફરઝન્દનું નામ થયું. આપે પોતાનું સઘળું બાળપણ પોતાના નાનાની છત્રછાયામાં વિતાવ્યું અને આપની ઉંમર કુલ ૪૮ વરસ હતી.





# રોજા અને રમઝાન શબ્દોના અર્થ

**રોજો :** રોજા માટે અરબી ભાષાનો શબ્દ "સવ્મ" છે જેનો શાબ્દિક અર્થ અરબી ભાષામાં "કોઈ વસ્તુ" (કાર્ય) ને અટકાવી દેવી અને તેને તજી દેવી - એવો થાય છે.

રોજદાર માટે અરબી ભાષાનો શબ્દ "સાઈમ" છે રોજાદારને "સાઈમ" એટલા માટે કહેવામાં આવે છે કે ખાવા પીવાના કાર્યને (રોજા દરમ્યાન) અટકાવી દે છે, પોતાને રોકી રાખે છે.

શરીઅતની પરિભાષામાં "કોઈ પુખ્ત વયના - સમજણ શક્તિ ધરાવનાર મુસલમાનના ઈબાદતની નિય્યતથી ફજર થાય ત્યારથી લઈને સુર્યાસ્ત સુધી પોતાની જાતને ખાવા પીવાના કાર્યોથી રોકી રાખવી અને પોતાના અંતર આત્માને તકવા (અલ્લાહથી ડરવું તે) માટે તૈયાર કરવું" તેને રોજો કહેવામાં આવે છે.

## અરબી ભાષામાં રમઝાન શબ્દનો અર્થ :

અરબી ભાષામાં રમઝાન શબ્દ "રમ્ઝ" મૂળ શબ્દમાંથી બનેલો છે. અરબી ભાષામાં "તડકામાં ગરમ થઈ ગએલી જમીન" અને "ગરમ થઈ ગએલી રેતી" ને રમઝાન કહેવામાં આવે છે. વિદ્વાનોએ નોંધ્યું છે કે જ્યારે રમઝાન માસનું નામ રાખવામાં આવ્યું ત્યારે ભયંકર ગરમી પડતી હતી. કેટલાંક વિદ્વાનોનું કહેવું છે કે રમઝાન શબ્દ મૂળ "રમઝાઅ" શબ્દ પરથી બન્યું છે. "રમઝાઅ" ખરીફ ઋતુના એ વરસાદને કહેવામાં આવે છે જે જમીન ઉપરથી ધૂળ અને માટીને ધોઈ નાંખે છે તે રીતે જ રમઝાન પણ "ઉમ્મતે મુહમ્મદીયા" ના ગુનાહોને ધોઈ નાંખે છે અને તેમના અંતર આત્માને સ્વચ્છ - પવિત્ર કરી દે છે.



# મગજ કસો





શું તમે જાણો છો ?
જો હા, તો વાટ શાની જુઓ છો ?
સલવાત પઢો અને ક્રમવાર લખો
માઅસૂમીન અ.સ. ના નામો

# જોડકા જોડો

| | |
|---|---|
| રોજા વાજિબ છે | માહે રમઝાનુલ મબારકમાં |
| રમઝાનુલ મુબારક | નુઝુલે કુરઆન |
| વિલાદતે ઇમામ હુસૈન અ.સ. | કાતિલે ઇમામ અલી અ.સ. |
| ઇબ્ને મુલ્જિમ | ૧૫ - રમઝાનુલ મુબારક |
| શબે કદ્ર | કુરઆનની બહાર છે. |



# આ મુબારક માસમાં

**હઝરત રસુલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કે :-**

**ત્રણ અશરાઓ :-** (દસ દિવસના સમયગાળાને અશરો કહેવામાં આવે છે)

રમઝાન એ મહીનો છે જેનો પ્રારંભ રહેમત-મધ્યના દિવસો મગફેરત અને જેનો અંત દોઝખના અગ્નિથી છુટકારાથી થાય છે. (અનવારૂલ-બિહાર-ભા.૯૩-પા.૩૪૨)

**કુરઆનની તિલાવત :-** **ઇમામ રઝા અ.સ.એ ફરમાવ્યું છે કે :-** જો કોઇ વ્યક્તિ રમઝાન માસમાં એક આયતની તિલાવત કરે તો એ એવું છે કે જાણે તેણે બીજા કોઇ અન્ય મહીનામાં સંપૂર્ણ કુરઆનની તિલાવત કરી હોય. (બિહારૂલ-અનવાર-ભા-૯૩-પા-૩૪૬)






E-mail : hadimasik@yahoo.com

## પ્રથમ અને અંતિમ રાત્રી :-

**રસુલે ખુદા સ.અ.વ.એ ફરમાવ્યું છે કે :-**

આકાશના (ખુદાની રહેમતના) બારણાંઓ રમઝાન માસની પ્રથમ રાત્રીએ ખોલી દેવામાં આવે છે અને અંતિમ રાત્રી સુધી બંધ કરવામાં આવતા નથી. (બિહારૂલ-અનવાર-ભા-૯૩-પા-૩૪૪)

**નિર્ણાયક રાત્રી :- ઇમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે :-** વર્ષ (એટલે કે કર્મોના હિસાબના વર્ષ) નો પ્રારંભ શબે કદ્રથી થાય છે. અને તે રાત્રીએ આગામી આખાયે વરસનો પ્રોગ્રામ લખવામાં આવે છે. (વસાએલુશ્શીઆ-ભા-૭-પા-૨૫૮-હદીસ-૮)

**શબે કદ્રની શ્રેષ્ઠતા :-** ઇમામ સાદિક અ.સ.ને પુછવામાં આવ્યું કે શબે કદ્ર કેવી રીતે એક હજાર રાત્રીઓ કરતાં બહેતર છે ? આપ અ.સ.એ ફરમાવ્યું : “આ રાત્રીમાં કરવામાં આવેલ સદ્કાર્ય એ હજાર ”મહીનાઓના સદકાર્યથી બહેતર છે કે જેમાં શબે કદ્ર ન હોય. (વસાએલુશ્શીઆ-ભા-૭-પા-૨૫૬-હદીસ-૨)

**આઅમાલની તહદીર :-** ઇમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે આઅમાલનો અંદાજો ૧૯મી રાત્રીએ લગાડવામાં આવે છે. તેની મંજુરી એકવીસમી રાત્રીએ આપવામાં આવે છે. અને તેને ત્રેવીસમી રાત્રીએ જારી (ઇસ્યુ) કરવામાં આવે છે. (વસાએલુશ્શીઆ-ભા-૭-પા-૨૫૬-હદીસ-૨૫૯).

# રોજો-ઈતિહાસની આરસીમાં



અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.સ. ફરમાવે છે કે સૌથી પ્રથમ જે વ્યક્તિએ રોજો રાખ્યો હતો તે હઝરત આદમ અ.સ. હતાં.

રિવાયતો અને સંશોધનોના પરિણામો એ હકીકત દર્શાવે છે કે "રોજો" એ તમામ નબીયો અને મુર્સલીન અને તેમના અનુયાયીઓમાં હંમેશા પ્રચલિત રહ્યો છે. હઝરત અલી અ.સ.ની હદીસથી પણ એ હકીકતની જાણકારી મળે છે કે રોજો એ ખુબજ પ્રાચીન ઈબાદત છે અને ખુદાએ કોઈ પણ ઉમ્મતને આ હૃદયસ્પર્શી ઈબાદતથી વંચિત રાખી નથી.



અર્વાચીન તવરૈત (યહૂદીઓનું ધર્મ પુસ્તક) અને બાઈબલ (ખ્રિસ્તીઓનું ધર્મ પુસ્તક)માં પણ આ બાબતના પ્રમાણ મળે છે કે યહૂદીઓ અને ખ્રિસ્તીઓમાં કમસે-કમ ત્રણ માસના રોજા રાખવામાં આવતાં હતાં. એટલે સુધી કે એ ધર્મો કે જેમના આસમાની ધર્મ હોવાના પ્રમાણ પ્રાપ્ત થતાં  નથી અને એકેશ્વરવાદની વિચારધારામાં જેમની ગણત્રી થતી નથી તેવા ધર્મોમાં પણ રોજા જેવી વિધીઓ વ્રત-ઉપવાસના સ્વરૂપે આજે પણ પ્રચલિત છે.



એક રિવાયત પ્રમાણે જ્યારે હઝરત નૂહ અ.સ.એ પોતાના સાથીઓને વહાણમાં સવાર કરાવ્યાં અને વહાણ સમુદ્રમાં વહેવા લાગ્યું ત્યારે હઝરત નૂહ અ.સ. એ બધાંને રોજો રાખવાની આજ્ઞા ફરમાવી હતી. તે રજબનો મહીનો હતો. આપ નમાઝ અને દુઆનો હુકમ પણ કરી શક્યાં હોત અને કહી શક્યાં હોત કે "બધા મળીને દુઆ અને પ્રાર્થના કરો" પરંતુ આવી સખ્ત મુશ્કેલ પરિસ્થિતિમાં દુઆ અને પ્રાર્થનાની ફરમાઈશને બદલે રોજો રાખવાની તાકીદ કરવી તે રોજાની મહત્તા અને મુશ્કેલીઓ દૂર કરવાની તેની શક્તિને જાહેર કરે છે.

હઝરત મૂસા કલીમુલ્લાહ (અલ્લાહ સાથે વાર્તાલાપ કરનાર) અ.સ.એ એક વખત પોતાની પ્રાર્થનામાં ખુદાની બારગાહમાં પ્રશ્ન કર્યો કે "શું તારી દ્રષ્ટિમાં મારા જેવો કોઈ આદરપાત્ર છે ?" જવાબ મળ્યો, આખરી કાળમાં મારા કેટલાંક બંદાઓ હશે જેમને હું રમઝાન માસના રોજાઓને કારણે આ આદર અતા કરીશ.

તેવી જ રીતે એક વખત હઝરત મૂસા અ.સ.એ "ઉમ્મતે મુહમ્મદીયા"ની અન્ય ઉમ્મતો ઉપરની શ્રેષ્ઠતાનું રહસ્ય જાણવા માંગ્યું તો (ખુદા તરફથી) એવો સાદ સંભળાયો કે "ઉમ્મતે મુહમ્મદિયાને" મેં તેની દસ લાક્ષણિકતાઓ - કે જેમાં એક રમઝાન માસમાં રોજા રાખવા તે પણ છે - તેને કારણે અન્ય ઉમ્મતો ઉપર સર્વોપરિતા અને શ્રેષ્ઠતા બક્ષી છે.



# બાળક મા ની દુઆને ધ્યાનથી સાંભળતો રહ્યો...

શુક્રવારની રાત (શબે જુમ્આ) હતી. મા કિબ્લા તરફ મોઢું કરી અલ્લાહની ઈબાદતોમાં પ્રવૃત્ત હતી, અને બાળક માતાના મોઢેથી નીકળતા દરેક વાક્યને ખૂબ જ ધ્યાનથી સાંભળતો હતો. બાળપણ હોવા છતાંયે તે મા ના રૂકુઅ, સજદાઓ, કયામ અને કુઊદ (નમાઝ ના અરકાનો) ને પણ ઘણી જ કાળજીપૂર્વક જોઈ રહ્યો હતો. એ ધ્યાનથી સાંભળી રહ્યો હતો કે બધાં જ મુસલમાનો માટે કુશળતાની દુઆ માંગતી હતી. તે એક-એક નું નામ લઈ ને પોતાના પાક પરવરદિગાર પાસે તે વ્યક્તિની ભલાઈ અને તેના માટે અલ્લાહની કૃપા અને બરકતની યાચના કરતી હતી અને બાળક પોતાની મા ની દુઆઓને ખૂબ જ ધ્યાનથી સાંભળતો હતો કે તે પોતાના અલ્લાહ પાસે પોતાના માટે શું માંગે છે ?

તે બાળક હતાં હઝરત ઈમામ હસન (અ.સ.). તે આખી રાત જાગતાં રહ્યાં અને પોતાના મહાન વાલિદા 'સિદ્દીક-એ-મરઝિયાહ' (સલા.)ને ધ્યાનથી જોતાં રહ્યાં. તે એની પ્રતિક્ષા કરતાં રહ્યાં કે મારા પૂજ્ય વાલિદા પોતાના માટે શું દુઆ કરે છે ? અને પોતાના પરવરદિગાર પાસે પોતાના માટે શું યાચના કરે છે ?

રાત વીતી ગઈ અને તેમની મા આખી રાત બીજા મુસલમાનો માટે જ દુઆ કરતાં રહ્યાં, એટલે સુધી કે સવાર પડી ગઈ. પરંતુ ઈમામ હસન (અ.સ.)એ પોતાની મા ને પોતાના માટે દુઆ કરતાં જરાયે સાંભળ્યા નહીં. તેથી સવાર પડતાં જ તેમણે પોતાની મા સામે હાથ જોડીને પૂછયું " હે મારા મહાન વાલિદા, હું આખી રાત ધ્યાન પરોવીને આપની દુઆઓ સાંભળતો રહ્યો છું. આપે પરવરદિગાર પાસે બીજાઓ માટે દુઆઓ માંગી છે. આપે પોતાના માટે કેમ જરાયે દુઆ માંગી નહીં ? "

માં એ પોતાના બાળકને ખૂબ જ પ્રેમભરી દૃષ્ટિથી જોઈને નરમાશથી ટૂંકો જવાબ આપ્યો- "મારા વ્હાલા દીકરા ! પહેલાં પાડોશી પછી જ ઘર"

**વહાલા બાળકો !**

**આ પ્રસંગ ઉપરથી આપણને કેટલીક વાતો જાણવા મળે છે.**

**(૧) હંમેશા પોતાના માતા-પિતા સાથે પોતે પણ નમાઝ પઢવી જોઈએ.**

**(૨) દુઆઓમાં માતા-પિતાની સાથે જ રહેવું જોઈએ.**

**(૩) બીજાઓ માટે-ખાસ કરીને પાડોશીઓ માટે દુઆઓ કરવી જોઈએ.**

**(૪) પાડોશીઓનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. તેમને કદીયે સંતાપ ન આપવો જોઈએ.**


E-mail : hadimasik@yahoo.com

# તુલસીના ગુણો

**તુલસીમાં અનેક ઔષધીય ગુણો છે.**

- તુલસી, હળદર અને કાંદાની પેસ્ટ મધ સાથે ચાટવાથી ઉધરસમાં રાહત થાય છે.
- ત્રણ ગ્રામ તુલસીના સુકા પાન અને એક ગ્રામ આદુનો રસ ચા સાથે પીવાથી શરદી  ઉધરસમાં ગુણકારી નીવડે છે.
- એક ગ્રામ સંચળ અને ૧૦ ગ્રામ તુલસીની પેસ્ટ બનાવી પાણી સાથે લેવાથી અજીર્ણમાં ફાયદો કરે છે.
- અજીર્ણ સાથે પેટમાં દુ:ખાવો થાય તો તુલસી અને આદુનો રસ ભેળવી એક-એક ચમચો દિવસમાં ત્રણ વખત હુંફાળુ કરીને લેવાથી તરત ફાયદો થાય છે.
- પાંચ ગ્રામ તુલસી અને પાંચ ગ્રામ મરી સાથે ચાટી તેની સાથે પુષ્કળ પાણી પીવાથી અજીર્ણમાં રાહત થશે.
- અવાજ બેસી ગયો હોય, તેમજ ગળું ઘસાતું હોય તો તુલસી, કાંદો તથા આદુનો રસ કાઢી મધ સાથે ચાટવાથી ફાયદો થશે.
- તુલસીનું પાન આંચ પર તપાવી મીઠા સાથે ચાવવાથી બેસેલા અવાજમાં રાહત થશે.
- આંખ પર સોજો આવ્યો હોય તો તુલસીના કાઢામાં થોડી વાટેલી ફટકડી હુંફાળુ કરી રૂ ના પૂમડાથી આંખની પાંપણ શેકવી.
- તુલસીના પાનની ચા બનાવી ગરમ - ગરમ પીવાથી અરૂચિ દૂર થાય છે.
- ઊલટીમાં તુલસીનો રસ પીવાથી અથવા તુલસીના રસમાં મધ ભેળવીને લેવાથી રાહત રહે છે.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



જામાણી મિસમ રઝા મોહમ્મદ હૈદર
હુસૈની બિલ્ડીંગ, ગાર્ડન કોલોની પાછળ, રૂદરપુરા, સુરત.



અમીરી સાફીન અબ્બાસ હુસૈનઅલી
રાજુલા.



જામાણી મિસમ રઝા મોહમ્મદ હૈદર
હુસૈની બિલ્ડીંગ, ગાર્ડન કોલોની પાછળ, રૂદરપુરા, સુરત.



જામાણી મિસમ રઝા મોહમ્મદ હૈદર
હુસૈની બિલ્ડીંગ, ગાર્ડન કોલોની પાછળ, રૂદરપુરા, સુરત.



# પત્રાવલી

**વહાલા બાળકો,**
**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**
**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**


Page : 1
92 786 110
Name - Yusuf R Khoja

**યુસુફ આર. ખોજા**
ખોજા મસ્જીદ પાછળ, સોનગઢ


★જાણવા જેવું★

**નકવી અલીનવાઝ. એ.**
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.


786/110/92

**જામાણી મહંમદ બી.**
ખોજા મસ્જીદ પાસે, જીવાબાવા ચોક, રાજુલા.



**નકવી અનવર એ.**
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.



# આવો ઈફતાર કરાવીએ

(અર્થ વિસ્તાર : ઇફતાર એટલે રોજો ખોલાવવો)

રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કે "દરેક વસ્તુની ઝકાત છે અને શરીરની ઝકાત રોજો છે."
(અલ કાફી - ભા. ૪ પા. ૬૨ - હદીસ -૩ )

રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કે : રોજો જહન્નમની આગ સામે ઢાલની જેમ છે (એટલે કે રોજો જહન્નમની આગથી બચાવવાવાળો છે )
(અલકાફી - ભા-૪, પા. ૧૬૨)

ઇમામ કાઝિમ અ.સ. એ ફરમાવ્યું છે કે : જે વ્યક્તિ પોતાના રોજાદાર ભાઇને ઇફતાર કરાવે છે તેનું આ કાર્ય તેના પોતાના (મુસ્તહબ) રોજા કરતાં સારૂ છે
(અલકાફી - ભા. ૪ . પા. ૬૮)

ઇમામ કાઝિમ અ.સ. એ ફરમાવ્યું છે કે : રોજાદારની દુઆ ઇફતારના સમયે ખુદાની બારગાહમાં કબુલ થાય છે.
(બિહારૂલ અનવાર ભા. ૯૨- પા. ૨૫૫ - હદીસ - ૩૩)







ઇમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે : જે વ્યક્તિ ખૂબજ ગરમીના દિવસોમાં રોજો રાખે છે અને તેને તરસ લાગે છે ત્યારે ખુદા પોતાના ફરિશ્તાઓને એ ફરજ સોંપે છે કે તેઓ પોતાના ઠંડા હાથ તે વ્યક્તિના ચહેરા ઉપર ફેરવતાં રહે અને તેને સતત જન્નતની ખુશખબર સંભળાવતા રહે. તે ઇફતાર કરી લે ત્યાં સુધી.

(અલ કાફી ભા. ૪ - પા. ૬૪ - હદીસ ૮ - બિહારૂલ અનવાર ભા. ૯૩ પા. ૨૪૭)

ઇમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે : જે કોઇ વ્યક્તિ કોઇ રોજાદારને ઇફતાર કરાવશે તેના માટે પણ તે રોજાદાર જેટલો સવાબ છે.

(અલ કાફી - ભા.૪ - પા. ૬૮ - હદીસ ૧)

ઇમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે : રોજાદારને બે વખત ખુશીઓ પ્રાપ્ત થાય છે,એક તો તે ઇફતાર કરે છે તે વખતે અને બીજું અલ્લાહની સાથેની મુલાકાત વખતે.

(વસાએલુશ્શીઆ - ભા.૭- પા. ૨૯૦ + ૨૯૪- હ. ૬+૨૬)



ઇમામ સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે : જો કોઇ વ્યક્તિ રમઝાન માસનો એક રોજો પણ (કોઇ કારણ વગર ) ન રાખે તો તેનાથી ઇમાનની રૂહ અલગ થઇ જાય છે.

(વસાએલુશ્શીઆ. ભા. ૭ - પા. ૧૮૧ - હ - ૪ અને ૫)

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો,  અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.




يَدۡعُونَ إِلَى ٱلۡخَيۡرِ

**બેશક સારા કામો ખરાબ કામો અને એની અસરોને મટાડી દે છે.**



# પાંચ મોતી

**પાંચ બાબતો નેકીઓને પહાડની જેમ મોટી બનાવી દે છે :-**

(૧) હંમેશા સદકો આપતા રહેવાની ટેવ, ચાહે તે (સદકો) ઓછી માત્રામાં પણ કેમ ન હોય.

(૨) પોતાના સગા સબંધીઓ સાથે સદ વ્યવહાર કરતાં રહેવું.

(૩) ખુદાના માર્ગે જિહાદ કરતા રહેવું, પછી તે કોઇપણ રીતે કેમ ન હોય.

(૪) દરેક ક્ષણે બા વઝુ (વઝુ કરેલ હાલતમાં) રહેવાની ટેવ.

(૫) દરેક પરિસ્થિતિમાં માતા-પિતાની આજ્ઞાઓનું પાલન કરતાં રહેવું.


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | (૧) કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સીહોર | : | મૌલાના દિલબર હુસૈન ફોન : ૯૯૦૯૪૭૧૪૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**



*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


